ફો.કે.નં..૨૫૯૦૭/૨૫......

**અમદાવાદનાં મહે. નવમા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. નવરંગપુરા કોર્ટ, જિ.અમદાવાદ**

**(ગ્રામ્ય)**

આંક– ૬

ફરીયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:– રમીલાબેન વા/ઓ કનુ દેવીપુજક

**<u>ગુનો:– ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ.એ) મુજબ.</u>**

**<u>–: ઠરાવ:–</u>**

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સવીર્સ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ સ્પે. સીટીંગમાં રાખવામાં આવેલ છે.

(૨) આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરી તથા પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

(૩) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુન્હો કરેલ છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કરી અમારુ ગુજરાન ચલાવીએ છીએ અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી અમો અમારા કુંટુબમાં એક જ કમાનાર સભ્ય છીએ અમારા બાળ–બચ્ચા તથા અમારા કુંટુબના ભરણપોષણની જવાબદારી અમાર ઉપર રહેલી છે. અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશું નહી તેવી ખાત્રી આપીએ છીએ જેથી અમારી સામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમા રાખી અમારી ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

(૪) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે આરોપી વગર પાસ પરમીટના દારૂ સાથે પકડાયેલ છે જેથી આરોપી વિરુધ્ધ ગુજરાત રાજય નશાબંધી અધિનીયમની કલમ ૬૫(એ.એ) મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

(૫) આરોપી વિરુધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી ધ્વારા કરેલ ગુના કબુલાત ધ્યાનેં લેતા તેમજ આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા આ કામના આરોપીનો પ્રથમ ગુનો હોવાનુ જણાય આવે છેજેથી મારુ નમ્ર પણે માનવુ છે કે,આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવેતો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશને ઉપયોગી થાઈ શકે તેમ છે તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયી અને ઉચીત માનું છું.

(૬) નામ. માનવંત ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***STATE OF GUJARAT Vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709*** નાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલનાં કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુતમ સજાની જોગવાઈ હોવા છતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાય આવે છે.

(૭) સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતી તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: **<u>આ ખ રી હુ ક મ</u>** ::–

આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ,૧૯૭૩ ની ક. ૨૫૨/બી.એન.એસ.એસ નીં કલમ–૨૭૫ મુજબ ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી, દરેકનેઆરોપીને રૂ.૧૦૦/– (અંકે રુપિયા એકસો પુરા) કુલ રૂ. ૩૦૦/– (અંકે રૂપીયા ત્રણસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીઓને દિન–૧ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા. ૧૨/૦૭/ ૨૦૨૫ ના રોજ સ્પે.સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

( ચિરાગ વામનરાય ભટ્ટ )

તારીખ– ૧૨/૦૭/ ૨૦૨૫ નવમા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ , અમદાવાદ (ગ્રામ્ય)

નવરંગપુરા કોર્ટ–સ્પે.સિટીંગ યુનીક કોડ નં. જી.જે.૦૧૩૯૫